# વિચિત્ર મોસમ : વરસાદી છાંટણા વચ્ચે અસહ્ય ઉકળાટથી નગરજનો બેચેન

**વરસાદના હળવા ઝાપટાંથી સેકટરોમાં કાદવ કિચ્ચડ અને ગંદકીના દ્રશ્યો : મેઘરાજા મનમુકીને વરસતા નથી : નગરજનો અસહ્ય ગરમીથી ત્રસ્ત : જનઆરોગ્ય પર મોસમની વિપરિત અસર**





ગાંધીનગર તા ૭

શહેરમાં વાદળિયા વાતાવરણ વચ્ચે છેલ્લા કેટલાક દિવસોથી આકરા ઉકળાટથી જનજીવન બેચેની અનુભવી રહ્યુ છે. આજે પણ સવારથી વાદળિયા વાતાવરણના અંતે બપોરે વરસાદી ઝાપટાના અંતે વાતાવરણમાં આકરો બફારો પ્રવર્તાયો હતો વિચિત્ર મોસમની અસરથી સેકટરવાસીઓનુ આરોગ્ય પણ જોખમાયુ છે. વાદળિયા વાતાવરણ વચ્ચે વાયરલ ફીવર સહીત ડેન્ગ્યુ ,ચિકનગુનિયા મેલરિયાના રોગચાળાએ ભરડો લીધો છે. બીજીતરફ અસહ્ય ગરમી અનુભવતા નગરજનો હજુ વરસાદની વાટે છે.

શહેરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે નગરજનો અસહ્ય ઉકળાટ અનુભવી રહ્યા છે. અસહ્ય બફારાથી બેચેન જનજીવન ત્રસ્ત છે. ત્યારે મેઘરાજા હજુ પણ મંદ મિજાજમાં છે. આજે પણ સવારથી જ અસહ્ય ઉકળાટ બાદ બપોરના સમયે આકાશમાં ગોરંભાયેલા વરસાદી વાદળો માત્ર હળવુ ઝાપટુ વરસાવી અદ્રશ્ય થઈ જતા બે ઘડીના ભીંજારા બાદ વાતાવરણમાં આકરો ઉકળાટ પ્રવર્તાયો હતો. ગાંધીનગર શહેરમાં અત્યાર સુધી સિઝનનો નોંધપાત્ર વરસાદ થયો નથી. શહેરમાં અત્યાર સુધી સિઝનનો માંડ ૯ ઈંચ વરસાદ થયો છે. અષાઢ બાદ શ્રાવણમાં પણ સરવરિયા વરસ્યા નથી અષાઢ અને શ્રાવણ મહીનો કોરો ગયા બાદ હવે ભાદરવો ભરપુર વરશે તેવી આશ વચ્ચે નગરજનોની નજર નભ તરફ મંડરાઈ છે. પરંતુ વાદળિયા વાતાવરણ વચ્ચે રોજ વરસાદી આશ ઠગારી નિવડે છે. એકબાજુ હવામાન વિભાગ તેમજ હવામાન શાસ્ત્રીઓ સપ્ટેમ્બરના બીજા સપ્તાહમાં સારો વરસાદ થશે તેવી આગાહી પણ કરી રહ્યા છે. પરંતુ હજુ સુધી મેઘરાજા મન મુકીને વરસ્યા નથી. વરસાદી વાયરા વચ્ચે શહેરમાં સતત વાદળિયુ વાતાવરણ જોવા મળી રહ્યુ છે. મોસમના વિચિત્ર મિજાજ વચ્ચે નગરજનોનુ આરોગ્ય પણ પ્રભાવિત છે.

● અનુસંધાન પાન-૭ પર

# આગામી ૧૪મીએ સમગ્ર શહેરમાં પાણી પુરવઠો બંધ રહેશે

**શહેરી વિસ્તાર સહીત આસપાસના ૩૦ ગામો અને ગુડાના ટી.પી. વિસ્તારમાં પણ નર્મદાનુ પાણી સપ્લાય કરવામાં આવશે નહી : પાણીની લાઇન શિફટીંગની કામગીરીના લીધે એક દિવસ સપ્લાય બંધ રહેશે**

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં ૨૪ કલાક પાણી સપ્લાય આપવા માટે લાઈનનુ કામ શરૂ કરાયુ છે.જયારે આ યોજના અન્વયે લાઈન શિફટીંગનુ કામ હાથ ધરવામાં આવનાર હોવાથી પાણીનો સપ્લાય બંધ કરવામાં આવશે જેના લીધ તા ૧૪ સપ્ટેમ્બરના રોજ શહેરના સે -૧ થી ૩૦ તેમજ આસપાસના ૩૦ ગામોમાં નર્મદાના પાણીનો સપ્લાય આપવામાં આવશે નહીં તા ૧૫ સપ્ટેમ્બરથી રાબેતા મુજબ પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં સ્માર્ટ સીટીના પ્રોજકટ અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. જયારે શહેરમાં ૨૪ કલાક પાણી પુરવઠો આપવા માટે લાઈનનુ ખોદકામ પણ તબક્કાવાર શરૂ કરી દેવાયુ છે. પરંતુ વરસાદી દિવસોના લીધે હાલ આ કામગીરી મંદ ગતિએ ચાલી રહી છે. શહેરમાં પાણીની આ યોજના અન્વયે આગામી તા ૧૩ સપ્ટેમ્બરે બપોરે ૧૨ કલાકથી લાઈન શિફટીંગનુ કામ હાથ ધરવામાં આવનાર છે. જેના લીધે તા ૧૪ સપ્ટેમ્બરના રોજ શહેરના સે ૧ થી ૩૦ અને આસપાસના ૩૦ જેટલા ગામોમાં પાણી પુરવઠો એક દિવસ માટે બંધ રહેશે. તા ૧૪ સપ્ટેમ્બરના રોજ શહેરી વિસ્તાર તેમજ આસપાસના પેથાપુર , ટીંટોડા, રાંધેજા, મોટી ભોંયણ, કોલવડા, ઉનાવા, વાસણ, કુડાસણ , રાયસણ, અડાલજ, પોર શેરથા, અંબાપુર, કોબા સહીતના ગામોમાં પણ પાણીનો સપ્લાય આપવામાં આવશે નહીં આ ઉપરાંત ગુડાના અન્ય ટી પી વિસ્તારમાં જયાં નર્મદાનુ પાણી સપ્લાય કરવામાં આવે છે તેવા વિસ્તારમાં પણ પાણીનો સપ્લાય બંધ રહેશે તેમ પણ પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના કાર્યપાલક ઈજનેરે જણાંવ્યુ છે. સેકટરવાસીઓએ આખો દિવસ પાણી સપ્લાય નહીં મળે જયારે તા ૧૫ સપ્ટેમ્બરથી પાટનગર યોજના વિભાગ દ્વારા રાબેતા મુજબ પાણીનો સપ્લાય અપાશે. પાણીની યોજનાના કામ અન્વયે નાની ૨૦૦ મીટરની લાઈન અવરોધરૂપ હોવાથી આ નડતર રૂપ લાઈનને દુર કરી બાયપાસ જોડાણ આપવાની કામગીરી સંદર્ભે મુખ્ય સપ્લાય બંધ રહેતા આ દિવસે પાણી સપ્લાય આપી શકાશે નહી તેમ પણ વિભાગના અધિકારીએ જણાંવ્યુ છે.

# સે. ૧૨ માં ૨૪ વર્ષીય યુવાનનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો

**તંત્ર દ્વારા ટેસ્ટ, ટ્રેકીંગ અને ટ્રીટમેન્ટની રણનીતિ પર કામગીરી આરંભાઈ**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાંથી આજે વધુ એક કેસ કોરોનાનો મળી આવ્યો છે. શહેરમાંથી છેલ્લા બે દિવસમાં બે કેસ મળી આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે પણ એકેય કેસ નોંધાયો નથી.

શહેરમાં સે. ૧૨ માંથી એક ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે મળેલ દર્દી સાથે કુલ ૩ દર્દીઓ હાલ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેરમાં કોરોનાના કેસો પુનઃ મળવાના શરૂ થતાં તંત્રએ સઘન સર્વેલન્સની સૂચના આપવા ઉપરાંત ફરજીયાત માસ્ક પહેરવાના નિયમ તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોના પાલન અંગેની સૂચનાઓ આપી છે. તંત્ર દ્વારા ટેસ્ટ, ટ્રેકીંગ અને ટ્રીટમેન્ટની રણનીતિ પર કામગીરી આરંભી દીધી હોવાનું સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં સંક્રમણની સ્થિતિ હાલ નિયંત્રણ હેઠળ હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. જો કે બહાર જઈ આવેલા લોકોના છુટા છવાયા કેસો નોંધાયા છે પણ તંત્રએ આ વાતને ગંભીરતાથી લીધી છે અને ટેસ્ટીંગ તેમજ ટ્રેકીંગ અને ટ્રીટમેન્ટની નીતિ અખત્યાર કરવાનો નિર્ણય લીધો છે.

જ્યારે રાજ્યમાં કોરોના હવે તબક્કાવાર રીતે કાબુમાં આવી રહ્યો છે. રાજ્યમાં કોરોનાના આજે નવા ૧૮ કેસ મળી આવ્યા છે. તો બીજી તરફ ૨૧ દર્દી સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં કોરોનાથી સાજા થવાનો દર ૯૮.૭૬ ટકા પર પહોંચ્યું છે. રાજ્યમાં આજના દિવસમાં કુલ ૫,૫૮,૦૫૪ ડોઝ રસીના અપાઈ ચુક્યા છે.

# મનપાની ચૂંટણીને પગલે બેઠકોનો ધમધમાટ શરૂ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી અંગે ગઈકાલે થયેલી જાહેરાત બાદ આજે જિલ્લાના અધિક નિવાસી કલેક્ટર સુશ્રી રિતુ સિંઘના અધ્યક્ષપદે સમીક્ષા બેઠક મળી હતી.

કલેક્ટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં પાંચ ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આદર્શ આચાર સંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે. આજે મળેલ સમીક્ષા બેઠકમાં શહેરમાં બેનરો, હોર્ડિંગ્સ અને જાહેરાતોના લાગેલા બોર્ડ દૂર કરવા માટે ૪ જેટલી ટીમો કામે લાગી છે અને ૨૦ જેટલા મોટા હોર્ડિંગ્સ અને બોર્ડ દૂર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

વોર્ડ નં. ૮ અને ૯ માં ઉમેદવારીપત્ર ભરવા અંગેની તૈયારીઓ તેમજ વોર્ડ નં. ૧ માં અપક્ષ ઉમેદવારના થયેલા અવસાનને લઈ પુનઃ મતદાન પત્રકો છપાવવા સહિતની કામગીરી અંગે વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી.

આજની આ સમીક્ષા બેઠકમાં કર્મચારીઓને તાલિમ આપવા તેમજ ઈ.વી.એમ.ની ચકાસણી અને અન્ય કામગીરી ઝડપથી હાથ પર લેવા તેમજ પોસ્ટલ બેલેટ પણ ઝડપથી રવાના થાય તે જોવા પર ભાર મુકામાં આવ્યો હતો.

# રાયસણમાં એક મહિલા અને એક યુવાનને વાનર કરડ્યું

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ રાયસણ ગામે આજે એક વાનરે એક મહિલા અને એક યુવાનને કરડતાં ગામમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. રાયસણ સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા થોડાક સમયથી વાનરોનો ત્રાસ વધી ગયો હોવાથી ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વાહનો પર કુદાકુદ કરી અને નુકશાન પહોંચાડી રહ્યા હોવાથી પણ ગ્રામજનોમાં ભયની લાગણી વ્યાપી જવા પામી છે. કોંગ્રેસના અગ્રણી અને જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય બેચરજી ઠાકોરે આજે આ અંગે કમિશનર ડૉ. ધવલ પટેલ અને જિલ્લા કલેક્ટરને પત્ર લખી વન વિભાગ દ્વારા તાબડતોબ કાર્યવાહી હાથ ધરવામાં આવે અને ગ્રામજનોમાં રાહતની લાગણી ઉભી થાય તેવા પગલાં લેવા માંગણી કરી છે.

બેચરજી ઠાકોરે તેમના આ પત્રમાં જણાવ્યુ છે કે ગાંધીનગર શહેરમાં સે. ૨૯ પછી હવે શહેરમાં સમાવેશ થયેલા ગ્રામ્યવિસ્તારમાં વાનરોનો આતંક વધી જવા પામ્યો છે.

# બે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં તબદીલ કરવાની દરખાસ્ત મંજૂર

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં વધુ બે સામૂહિક આરોગ્ય કેન્દ્ર બનાવવાની દરખાસ્તને આજે જિલ્લા આરોગ્ય સમિતિએ મંજૂર કરી અને તે રાજ્ય સરકારને મોકલવાનો નિર્ણય કર્યો છે.

આરોગ્ય સમિતિના ચેરમેન મીનાબેન ઠાકોરે જણાવ્યુ હતુ કે ડભોડા અને દેવકરણના મુવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં તબદીલ કરવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે.

આજે આરોગ્ય સમિતિની મળેલ બેઠકમાં જિલ્લામાં રોગચાળાની સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા ઉપરાંત ચાલી રહેલા વેક્સિનેશન અભિયાનની પણ સમીક્ષા કરવામાં આવી હતી. આયુષ કેન્દ્રોના મરામતની પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આજની બેઠકમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં જનરેટર સહિતની સુવિધાઓ વિકસાવવા માટેનો પણ સૈદ્ધાંતિક નિર્ણય લેવામાં આવ્યો હોવાનું તેમણે જણાવ્યુ હતુ.

જિલ્લામાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિ નિયંત્રણમાં રહે અને દરેક આરોગ્ય કેન્દ્ર પર દવાનો જથ્થો ઉપલબ્ધ રહે તે માટેની પણ જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

## બ્રહ્મભટ્ટ બેસણું



અમારા સુપુત્ર **દેવેન્દ્રભાઈ એસ. બ્રહ્મભટ્ટ** **તા. ૨-૯-૨૦૨૧ને ગુરુવારના** રોજ અક્ષર નિવાસી થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૯-૯-૨૦૨૧ને ગુરુવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સરનામું : રાજપૂત સમાજ વાડી, સેક્ટર-૧૨, ગાંધીનગર**

**ગં. સ્વ. ગીતાબેન દેવેન્દ્ર બ્રહ્મભટ્ટ**

**લિ.**

**સૂર્યકાન્ત રામભાઈ બારોટ (પિતા)**
**(નિવૃત નાયબ માહિતી નિયામક)**
**યશવંતભાઈ રામભાઈ બારોટ (કાકા)**
**રાજેન્દ્રભાઈ રામભાઈ બારોટ (કાકા)**
**ગુણવંતભાઈ રામભાઈ બારોટ (કાકા)**
**સુભાષભાઈ રામભાઈ બારોટ (કાકા)**

**નિશિલ ડી. બ્રહ્મભટ્ટ (પુત્ર)**
**પ્રકાશ એસ. બારોટ (ભાઈ)**
**અનિલ એસ. બારોટ (ભાઈ)**
**મધુસૂદન જનકભાઈ બારોટ (ભત્રીજો)**
**મલ્કેશ પ્રકાશ બારોટ (ભત્રીજો)**
**અક્ષર અનિલ બારોટ (ભત્રીજો)**
**પલક વરૂણકુમાર બારોટ (પુત્રી)**

**નોંધ : કાંણ મોકાણ બંધ છે.**

## બેસણું



ગાંધીનગર નિવાસી શ્રી મંગળભાઈ જી. ચૌહાણ(વતન બાવળા)ના ધર્મપત્નિ **શ્રીમતી માણેકબેન મંગળભાઈ ચૌહાણનું** તા.૫-૯-૨૧ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **તેમનું બેસણું તા. ૯/૯/૨૧ને ગુરૂવારે સવારે ૯ થી ૧૧ વાગે તથા લૌકિક/સામાજિક વ્યવહાર ૧૨ વાગે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજની વાડી, સેક્ટર-૭ સી, ગાંધીનગર**

**લિ.**
**મંગળભાઈ જી. ચૌહાણ**
**યોગેન્દુ મંગળભાઈ ચૌહાણ (પુત્ર) હર્ષા યોગેન્દુ ચૌહાણ (પુત્રવધૂ)**
**સુધા દિનેશકુમાર પરમાર ((પુત્રી) વિભા મહેન્દ્રકુમાર મહેરિયા(પુત્રી)**
**અવની કીરીટકુમાર મકવાણા(પુત્રી)**
**કુંજ, વ્રજ, ઉપજ્ઞા, દેવજ્ઞા, અભિજ્ઞા, વ્યોમ, વેદ, કવન**
**નિવાસસ્થાન : ૯૬૨/૨, સેકટર-૨-સી, ગાંધીનગર**
**મો.નં. ૯૪૨૮૦ ૪૯૫૬૦, ૯૨૭૫૯ ૫૨૯૨૦**

# સેક્ટર-૨૧ શોપિંગમાં ફુવારા બંધ અસહ્ય ગંદકી વચ્ચે મચ્છરોનો ઉપદ્રવ

**વેપારીઓ અને મુલાકાતીઓ તોબા : બંધ ફુવારાના સ્થાને પાર્કીંગ તેમજ બગીચો બનાવવાની યોજનાનું કામ પણ લાંબા સમયથી શરૂ થતું નથી**

ગાંધીનગર તા ૭

ગાંધીનગરના શોપિંગ વિસ્તારમાં સમસ્યાઓનો ઢગ ખડકાયો છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ પણ સેકટરોમાં શોપિંગમાં પાર્કીંગ અને ગંદકીની સમસ્યા યથાવત છે. સે-૨૧ ના મુખ્ય શોપિંગ સેન્ટરમાં છલ્લા એક દાયકાથી વધુ સમયથી બંધ ફુવારા ગંદકીનુ કેન્દ્ર સ્થાન બન્યા છે. હાલ વરસાદી દિવસોમાં આ ઠેકાણે બિનજરૂરી વનસ્પિત ઉગી નિકળી છે. જેના લીધે જીવાત અને મચ્છરોનો ઉપદ્રવ પણ વધી ગયો છે. અસહ્ય ગંદકી અને દુવિધાઓથી વેપારીઓ અને મુલાકાતીઓ પણ તોબા પોકારી ગયા છે.

શહેરમાં પાર્કીંગ અને ગંદકીની સમસ્યા પેચીદી બની છે. શહેરના કોર્મશિયલ વિસ્તારમાં પાર્કીંગનો પ્રશ્ન જટીલ બનતા મુલાકાતીઓ તોબા પોકારી ગયા છે. શહેરના સે-૨૧ માં પણ સમસ્યાનો ઢગ ખડકાયેલો છે. જયારે શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરમાં જ દુવિધાઓનુ દંગલ જોવા મળે છે. શોપિંગ વિસ્તાર અનેકવિધ સમસ્યાઓથી ઘેરાયેલો છે. પાર્કીંગ ઉપરાંત દબાણો અને ગંદકીનો પ્રશ્ન શોપિંગ વિસ્તાર માટે મુખ્ય બન્યો છે. શહેરના ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરમાં છેલ્લા એક દાયકાથી ફુવારા બંધ હાલતમાં છે. ફુવારાની મશીનરી પણ ચોરાઈ ગઈ છે. જયારે ત્રણ વર્ષથી ફુવારાના સ્થાને પાર્કીંગ બનાવાની યોજના પણ અભેરાઈ છે. જેના લીધે શોપિંગમાં વચાળે જ ગંદકીના દ્રશ્યો જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે વેપારીઓ અને મુલાકાતીઓ પરેશાન છે. શોપિંગ વચાળે બંધ ફુવારાના સ્થાને હાલ વરસાદી દિવસોમાં બિનજરૂરી વન્સ્પિત ઉગી નિકળી છે. કચરાના ઢગ ઉભરાય છે. જેના લીધે અસહ્ય ગંદકીના લીધે જીવાત અને મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. એકબાજુ ડેન્ગ્યુ , ચિકનગુનિયા અને મેલેરીયા સહીતના મચ્છરજન્ય રોગચાળાએ માથુ ઉંચકયુ છે. ત્યારે શહેરના મુખ્ય શોપિંગ વિસ્તારમાં જ સફાઈના નામે મીંડુ છે. જેના લીધે વેપારીઓ અને મુલાકાતીઓનુ આરોગ્ય જોખમાયુ છે.

શોપિંગમાં આ ફુવારાના સ્થાને પાર્કીંગ તેમજ બગીચો બનાવવા માટેનુ આયોજન પણ લાંબા સમયથી કાગળ પર છે. પાર્કીંગ તેમજ બગીચાના નિર્માણ માટે આખરી આયોજન પણ કરી દેવાયુ છે. આમછતા હજુ સુધી કામ હાથ ધરાયુ નથી. આ મામલે સ્થાનિક વેપારીઓએ પણ અનેકવાર રજુઆત કરી છે. આમછતા હજુ સુધી કામગીરી હાથ ધરવામાં આવી નથી. પાર્કીંગના પેચીદા પ્રશ્ન વચ્ચે શોપિંગ વિસ્તારમાં ગંદકી અસહ્ય બની છે. ત્યારે વેપારીઓ અને મુલાકાતીઓ ત્રાહીમામ પોકારી ગયા છે.

# રાજ્ય તલાટી મંત્રી મહામંડળ દ્વારા સરકારને પડતર પ્રશ્નો અંગે રજુઆત બાદ આંદોલનની ચીમકી

ગાંધીનગર, તા. ૭

તલાટી મંત્રી મહામંડળે આજે સરકારને આવેદન પત્ર આપી તેમના વણઉકલ્યા પ્રશ્નો નહિ ઉકેલવામાં આવે તો આંદોલન કરવાની ચીમકી આપી છે.

રાજ્ય સરકારને આજે ૧૨ પાનાનું એક વિસ્તૃત આવેદન પત્ર મહામંડળના હોદ્દેદારોએ આપ્યુ છે જેમાં તેમના પડતર પ્રશ્નો અંગે વિસ્તૃત વિગતો સાથે તાકીદે ઉકેલવાની માંગ કરી છે.

આંદોલન અંગેના કાર્યક્રમોની જાહેરાત પણ આવેદન પત્રમાં કરવામાં આવી છે. આંદોલનના કાર્યક્રમોની ઘોષણા કરતાં હોદ્દેદારોએ જણાવ્યું છે કે ૧૩મી સપ્ટેમ્બરના રોજ તમામ જિલ્લા તલાટી મંડળ દ્વારા જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીને આવેદન પત્ર આપવામાં આવશે. તેમજ તમામ તલાટીઓ પોતાના મોબાઈલમાં સરકારી કચેરી કે અધિકારી સાથે જોડાયેલ ગૃપમાંથી એક સાથે રિમુવ થશે.

તા. ૨૦-૯-૨૧ના રોજ તમામ તલાટીઓ કાળી પટ્ટી ધારણ કરી પોતાની ફરજ બજાવશે. આ પછી પણ નિરાકરણ ના આવે તો ૧લી ઓક્ટો.ના રોજ માસ સી.એલ. પર જશે અને તાલુકા કક્ષાએ દેખાવો યોજાશે.

૭ મી ઓક્ટો.ના રોજ તમામ તલાટી મંડળો જિલ્લા પંચાયત ખાતે એક દિવસના ધરણા કરશે અને ૧૨ મી ઓક્ટો.ના રોજ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા યોજી અને અચોક્કસ મુદતની હડતાલ પર જવાની ફરજ પડશે.

મહામંડળે આવેદન પત્રમાં ૧૧ જેટલા પડતર પ્રશ્નો અંગે રજુઆત કરી છે. તેમણે આવેદન પત્રમાં ૬-૧૦-૧૮ની રજુઆતો પછી સરકારે આપેલી હૈયાધારણને ત્રણ વર્ષ જેટલો સમય વિત્યા પછી પણ કોઈ હકારાત્મક ઉકેલ ન આવતાં આંદોલનનો માર્ગ લેવાની ફરજ પડી હોવાનું જણાવ્યુ છે.


**G-RIDE**
A JV of Govt. of Gujarat & Ministry of Railways
CIN:U74999GJ2017SGC095040
Reg. office: 7th Floor, Block 06, Udyog Bhavan, Gandhinagar-382011.
Ph: 079-23232728/29. Email: info@gride.org.in Website : www.gride.org.in

**OFFER FOR INTERNAL AUDIT & COMPANY SECRETARY CONSULTANT**

GRIDE intends to retain services of Internal Audit & Company Secretary Consultant for the financial year 2021-22 for its SPV's namely GRIDE Hazira Rail Limited & GRIDE Bedi Port Rail Limited. Interested firm / company may visit company's website **www.gride.org.in** for financial offer document format, Eligibility criteria and Scope of work. Last date for submission is 13th September 2021 up to 5.00 PM

Director (Project & Planning) GRIDE



www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2015 Certified Company
**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com